ગાંધીનગર સમાચાર

તા. ૨૫-૨-૨૦૧૫, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

## ધર્માંતરણ અટકાવવા માટે ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ ઠારવો રહ્યો...

તાજેતરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે રાજસ્થાનના ભરતપુર નજીક બાજહેડા મુકામે ‘અપના ઘર’ સ્વયંસેવી સંસ્થાના ઉપક્રમે ‘પરમ સેવાગૃહ’ અને ‘શિશુ બાલગૃહ’ નું લોકાર્પણ કરતી વેળાએ મધર ટેરેસાની સમર્પિત સેવાભાવનાને સંભારી, પણ એમની આગવી રીતે. એમણે દીનદુખિયાંની સેવા નિઃસ્વાર્થભાવે કરવી જોઈએ, એની પાછળ કોઈ બદઈરાદો ન હોવો જોઈએ, એ મતલબની રજૂઆત કરતાં ઉમેર્યું હતું કે મધર ટેરેસાએ સેવા તો ખૂબ સારી કરી પરંતુ તે સેવા પાછળ ધર્માંતરણનો છૂપો આશય રહેલો હતો. રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના વિચારપુરુષ એમ.જી.વૈદ્યે પણ ભાગવતના સૂરમાં સૂર પુરાવ્યો છે અને વિશ્વ હિંદુ પરિષદ તથા હિંદુ જાગરણ મંચ જેવી સંસ્થાઓ તો ધર્માંતરણ અટકાવવા ઘણાં વર્ષોથી પ્રતિબદ્ધ છે. પરંતુ ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરે પણ હિંદુ ધર્મ છોડીને બૌદ્ધ ધર્મ અંગીકાર કરેલો તે ન ભૂલવું જોઈએ. ખ્રિસ્તી મિશન સંસ્થાઓ દુનિયાના ખૂણે ખૂણે પથરાયેલી છે. સેવાના ઓઠા હેઠળ એ ધર્મ પ્રચાર અને ધર્માંતરણ જેવી પ્રવૃત્તિ કરતી રહી છે. ભાગવતના આ વિધાનમાં પૂર્ણ સત્ય કદાચ ન પણ હોય, પરંતુ એમાં આંશિક તથ્ય હોવા બાબતે તો ખુદ ખિસ્તી મિશનો કે ખ્રિસ્તી ધર્મ પાળતા વિશ્વનેતાઓ પણ અસહમત નહીં થઈ શકે. ખ્રિસ્તી મિશનરી સંસ્થાઓ જે પૈકી મધર ટેરેસાની મિશનરીઝ ઑફ ચેરિટીનો પણ સમાવેશ થાય છે તે તમામ ઈસુનો પ્રેમ સંદેશ પ્રસારિત કરવાની પ્રાથમિક ફરજ તો બજાવતી જ રહી છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે એમ ભૂખ્યા માણસને રોટલો ન આપી શકે, ‘દરદી નારાયણ’ અને ‘દરિદ્રનારાયણ’ની સેવા ન કરી શકે, ઠંડી અને વરસાદમાં થથરતાં માણસને ઓઢણું ન આપી શકે કે વિધવાનાં આંસુ લૂછી ન શકે એવા ધર્મનો કોઈ જ અર્થ નથી. હિંદુ ધર્મમાં પેસી ગયેલા વર્ણાશ્રમ જેવા વહેરાવંચા અને ઊંચનીચના ભેદભાવ તેમ જ અંધશ્રદ્ધાઓ અને કર્મકાંડને લીધે માણસાઈ જેવી મૂળભૂત ભાવના વીસરાઈ ગઈ છે. ખ્રિસ્તી ધર્મમાં ‘જન સેવા એ જ પ્રભુ સેવા’ ગણાતી હોઈ આ મિશનરી સંસ્થાઓ દૂરવર્તી આદિવાસી વિસ્તારોમાં જઈ કેળવણીનો પ્રકાશ પાથરવાની અને ભૂખ્યાંદુખ્યાં માનવજંતુડાંને ‘માણસ’ બનાવવાની પ્રવૃત્તિ કરે છે. આથી સંઘના વડાએ મધર ટેરેસા વિશે કરેલી નુક્ચેતીની સામે બિનસાંપ્રદાયિક વર્તુળોમાંથી વિરોધી સૂર પણ ઊઠ્યા છે. ‘ઘર વાપસી’ જેવા કાર્યક્રમો સામે આંતરરાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાયેલ છે - ખુદ અમેરિકી રાષ્ટ્રપતિએ એ વિશે સ્પષ્ટ નારાજગી દર્શાવેલ છે. સેવા પણ કેવી! કુષ્ટ - રકતપિત કે ક્ષય-કેન્સર જેવા રોગોથી પીડાતાં દર્દીઓને આ મિશનરીઓ ભગવાનનું જ રૂપ ગણી એમના ઘા સાફ કરે છે. એમને દવાઓ આપે છે. કોઈ પણ પ્રકારની સૂગ વગર એમનાં મળમૂત્ર સાફ કરે છે. મહાત્મા ગાંધીને કુષ્ટરોગી પરચુરે શાસ્ત્રીની સેવા કરતા જોઈએ ત્યારે આપણું હૈયું કેટલા આદરભાવથી ઊભરાઈ જાય છે! આ સેવાનો મંત્ર ગાંધીજીને પણ મિશનરીઓ પાસેથી શીખવા મળ્યો હતો. સાધ્વીનો - ‘નન્સ’ જે રીતે સંસ્થામાં વિવિધ જવાબદારીઓ વહન કરે છે તે જોઈને એમ જ લાગે કે ‘બ્રહ્માકુમારીઝ’ ના આદ્ય સંસ્થાપક પ્રજાપિતા બ્રહ્મા તરીકે ઓળખાતા મહાત્માને પણ સ્ત્રીમાં રહેલા અંતર્નિહિત માતૃત્વને ઉજાગર કરી એને સનાતન ધર્મ સંદર્ભે પ્રયોજવાનો વિચાર આવી મિશનરી સંસ્થાઓ જોઈને જ આવ્યો હશે. ખ્રિસ્તીઓએ તલવારના જોરે ધર્મ પરિવર્તન નથી કરાવ્યું. પરંતુ ધર્મસંસ્થા તરીકે તમામ મિશનરી સંસ્થાઓ ધર્મપ્રચાર-પ્રસારનું ઓછું-વત્તુ કામ કરતી જ રહી છે અને મૂળે ચર્ચની તો એમની પાસે એ અપેક્ષા પણ રહે તે સ્વાભાવિક છે. ભારતમાં જ નહીં, વિશ્વના તમામ ગરીબ દેશોમાં મિશનરીઝનું કામ ધરધોકાર ચાલતું રહ્યું છે, પરિણામે ખ્રિસ્તી ધર્મ આજે વિશ્વધર્મ બની રહ્યો છે. યુરોપ-અમેરિકાથી લઈ તે આફ્રિકા અને એશિયા સુધી ફેલાયો અને ફૂલ્યોફાલ્યો છે. ઈસુનો સંદેશ લઈને ફરતા વૈતાલિકો કોઈને બળજબરીથી ધર્માંતરણ નથી કરાવતા, પરંતુ પ્રેમપૂર્વક જરૂર પોતાના ધર્મ ભણી આકર્ષે છે. આધુનિક વિશ્વમાં કોઈને લાલચ આપીને, ફોસલાવી પટાવીને કે બળજબરીપૂર્વક - ધાકધમકીથી ધર્માંતરણ કરાવવું એ ગુનો ગણાય છે. છતાં ઈસ્લામિક રાષ્ટ્રોમાં આવી પ્રવૃત્તિ જડબેસલાક અને છડેચોક ચાલતી રહે છે. ‘ઈસ્લામિક સ્ટેટ’ની સંકલ્પના એ ધર્મની કટ્ટરતાનો નાદર નમૂનો છે. મધર ટેરેસાએ ગરીબો અને રગતપીતિયાંની સેવામાં આખી જિંદગી સમર્પિત કરી દીધી હતી. એમની સેવાભાવના અને માતૃવાત્સલ્યથી પ્રેરાઈને ઘણા ગરીબ લોકોએ ધર્મપરિવર્તન કર્યું હશે, એમાં શંકાને સ્થાન નથી. પરંતુ જો આવું ધર્મપરિવર્તન કોઈને કઠતું હોય તો સામે એવા દુખિયારાંને - વસુધરાંનાં વહાલાંદવલાંને ગળે લગાડીને લાડ કરવાની, એમનો જગરાગ્નિ ઠારવાની પણ તૈયારી રાખવી જ રહી. મધર ટેરેસાના પેંગડામાં પગ તો ઘાલી જુઓ!



દિકરીઓને સાંપ્રત સમયમાં સારામાં સારું શિક્ષણ આપવું જોઈએ. દિકરી સાપનો ભારો નહિ પરંતુ દિકરી તુલસીનો કયારો... સહીતનો બોધપાઠ આપતું નાટક એમ.બી.પટેલ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ભજવ્યું હતું. જિલ્લાના માણેકપુર ગામની શાળામાં નાટક ઉપરાંત રાજસ્થાની નૃત્ય, ગણેશવંદના કરી જનજાગૃતિ કાર્યક્રમો કર્યા હતા. કાર્યક્રમને નિહાળવા ગામના અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડિયમ સ્કુલનો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૪

સેકટર-૨૩ એમ.બી. પટેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો વાર્ષિકોત્સવ આગામી ૨૭મીના રોજ ગુરૂવંદના થીમ પર ખીમજી વિસરામ હોલ સેકટર-૨૩ ખાતે યોજવામાં આવશે.

ગાંધીનગર સેકટર-૨૩ સ્થિત એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલનો વાર્ષિકોત્સવ ૨૭ ફેબ્રુઆરી શુક્રવાર સવારે ૯-૦૦ તથા ૧૨.૦૦ વાગ્યા દરમિયાન ખીમજી વિસરામ હોલ ખાતે યોજવામાં આવશે. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે. સમારોહમાં પ્રમુખ તરીકે વલ્લભભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે ડૉ. કનુભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. સમારોહમાં સાંસ્કૃતિક કાર્યક્રમો વિદ્યાર્થીઓ દ્વારા યોજવામાં આવશે.

### ગાંધીનગરનું ગૌરવ રાજ્ય સ્તરે ઝળક્યું

# ગાંધીનગરના સેવાભાવી યુવાન જિજ્ઞેશ રાવલને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ

## માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના ક્ષેત્રે નિષ્ઠાવાન કાર્યની કદર થઈ સોસાયટી ફોર ધી વેલ્ફેર ઓફ મેન્ટલી રીટાર્ડેડ દ્વારા ઍવોર્ડ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના સેવાભાવી યુવાન જિજ્ઞેશ રાવલને માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના ક્ષેત્રે શિક્ષણ કાર્ય બદલ રાજ્ય સ્તરે શ્રેષ્ઠ શિક્ષકનો ઍવોર્ડ એનાયત થયો છે.

સોસાયટી ફોર ધી વેલ્ફેર ઓફ મેન્ટલી રીટાર્ડેડ (એસડબલ્યુએમઆર), અમદાવાદ દ્વારા દર વર્ષે આ ઍવોર્ડ એનાયત કરવામાં આવે છે, જે આ વર્ષે જિજ્ઞેશ રાવલને પ્રાપ્ત થયો છે. શ્રી ચંદ્રગુપ્ત મૌર્ય ઍજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સાથે જિજ્ઞેશ રાવલ વિશિષ્ઠ શિક્ષક તરીકે જોડાયેલા છે અને સંસ્થા તરફથી શાહપુર, દરિયાપુર, કાલુપુર વિસ્તારની શાળાઓમાં માનસિક વિશિષ્ટ બાળકોના શિક્ષણ અને તાલીમનું કાર્ય તેઓ છેલ્લાં ૧૦ વર્ષથી નિષ્ઠાપૂર્વક સંભાળે છે. આ કાર્યની પ્રશસ્તિ કરતાં એસડબલ્યુએમઆર દ્વારા તેમને શ્રેષ્ઠ શિક્ષકનો ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના ક્ષેત્રમાં જિજ્ઞેશ રાવલની પ્રવૃત્તિઓથી ગાંધીનગર સારી પેઠે વાકેફ છે, એટલે સુધી કે ગાંધીનગરને ‘માનસિક વિશિષ્ટ’ શબ્દોની ભેટ પણ તેમણે જ અર્પણ કરી છે. માનસિક અને શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓ માટેનો વિશિષ્ટ ગરબા મહોત્સવ ‘બાળુડાના ગરબા’ એ ગાંધીનગરને જિજ્ઞેશ રાવલની દેન છે, તો તેમના નિયમિત પ્રયાસોથી માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના વાલીઓની એક સંસ્થા ‘સાધના’નું સંગઠન થયાની વાત પણ પ્રચલિત છે. એ જ રીતે સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ગાંધીનગરના ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ મેનેજર તરીકે ગાંધીનગર જિલ્લાના માનસિક વિશિષ્ટ વ્યક્તિઓને ન માત્ર રાજ્ય સુધી પણ રાષ્ટ્રીય કક્ષા સુધી લઈ જવામાં તેમનું યોગદાન અનન્ય છે. તેઓ પોતે પણ સ્પેશિયલ ઑલિમ્પિકસ માટે ૨૦૧૩માં ઑસ્ટ્રેલિયા જઈ આવ્યા છે. માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના ક્ષેત્રમાં સેવાકાર્ય કરવા હેતુ ‘ગ્રો’ નામક સંસ્થાની સ્થાપના પણ તેમના દ્વારા કરવામાં આવી છે.



શ્રી ચંદ્રગુપ્ત મૌર્ય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સાથે વિશિષ્ટ શિક્ષક (માનસિક) તરીકે જોડાયેલા ગાંધીનગરના રહેવાસી સેવાભાવી યુવક જિજ્ઞેશ રાવલને સોસાયટી ફોર ધ મેન્ટલી રીટાર્ડેડ, અમદાવાદ દ્વારા ટાઉનહૉલ, અમદાવાદ ખાતે ઓએનજીસીના ચેપ્ટર હેડ શ્રી મલિક, એસડબલ્યુએમઆરના પ્રમુખ શ્રી રાજેન્દ્ર શાહ, મંત્રી શ્રી વિષ્ણુ પટેલ, શ્રી નંદકિશોરભાઈ પરીખ તથા સહયોગ કુષ્ટ યજ્ઞ, હિંમતનગરના સંચાલક શ્રી સુરેશ સોનીના હસ્તે શ્રેષ્ઠ શિક્ષક ઍવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

ટાઉનહૉલ, અમદાવાદ ખાતે એક ભવ્ય સમારોહમાં ઓએનજીસીના ચેપ્ટર હેડ શ્રી મલિક, એસડબલ્યુએમઆરના પ્રમુખ શ્રી રાજેન્દ્ર શાહ, મંત્રી શ્રી વિષ્ણુ પટેલ, શ્રી નંદકિશોરભાઈ પરીખ તથા સહયોગ કુષ્ટ યજ્ઞ, હિંમતનગરના સંચાલક શ્રી સુરેશ સોનીના હસ્તે જિજ્ઞેશ રાવલને આ ઍવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરની જુનિયર સિટીઝન્સ કાઉન્સીલ, જી ઈ કલબ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને સાધના જેવી અનેક સંસ્થાઓ સાથે જિજ્ઞેશ રાવલ સક્રિયપણે જોડાયેલા છે અને માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના ક્ષેત્ર ઉપરાંત સેવા ક્ષેત્રમાં પણ તેમનું યોગદાન ઘણું મોટું છે. આવા કર્મઠ યુવાનને રાજ્ય સ્તરનો એવોર્ડ પ્રાપ્ત થતાં નગરના સેવા ક્ષેત્રમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે અને ચોમેરથી જિજ્ઞેશ રાવલને અભિનંદન પ્રાપ્ત થઈ રહ્યા છે.

## સ્વચ્છતાની કામગીરી કરવા ઘણી જોગવાઈઓ કરાઈ છે

ગાંધીનગર,તા. ૨૪

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનને મહત્વ આપવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન મોદીએ પૂજ્ય બાપૂની મૂળભૂત વિચારધારાને પ્રેરણાશ્રોત લઈને સ્વચ્છ ભારત મિશન સ્વરુપે વૈચારિક અને સામાજિક ક્રાંતિના મંડાણ કર્યા છે. ગુજરાત સરકારે પણ રાજ્યમાં સ્વચ્છતા મિશન હેઠળ વિવિધ જોગવાઈઓ કરી છે. શહેરી વિસ્તારોમાં વ્યક્તિગત, સામૂહિક અને જાહેર શૌચાલયનું નિર્માણ, કચરાનું વ્યવસ્થાપન, પાણી અને ગટર વ્યવસ્થા સહિતના કામો હાથ ધરાયા છે. આના માટે ૧૨૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. ગ્રામ્ય સ્વચ્છતા મિશન હેઠળ શૌચાલયોના નિર્માણ તથા સેનિટેશનના કામ માટે જોગવાઈ ૭૨૨.૨૫ કરોડ કરવામાં આળી છે. ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાના કામ માટે ૫૦૦૦થી વધુ વસતી ધરાવતી ગ્રામ પંચાયતને દર મહિને માથાદીઠ રૂપિયા બેના ધોરણે ગ્રાન્ટ આપવામાં આવી છે. ભૂગર્ભ ગટર વિકાસના બીજા તબક્કાના અમલીકરણ માટે ૧૩૪.૮૦ કરોડની જોગવાઈ કરાઈ છે. સરકારી પ્રાથમિક શાળાઓને અનુદાનની રકમ વધારીને ૨૧૬૦૦ પ્રતિ વર્ષ કરવાનો નિર્ણય કરાયો છે. ૩૨,૭૭૨ સરકારી પ્રાથમિક શાળાઓને સ્વચ્છતા જાળવવા આયોજન કરાયું છે. પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા કિટ પુરી પાડવા વિશેષ આયોજન કરાયું છે. ૧૦૦ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં કચરાના નિકાલ માટે વિશેષ આયોજન કરાયું છે.

## હરિની દૃષ્ટિ...




પંજે સે નહી... સાબ... ઝાડુ મફલર સે ડર લગતા હે!!

## ગુંજન લાફીંગ ક્લબની ૨૬મીએ સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૨૪

ગુંજન લાફીંગ ક્લબના ૨૦મા વાર્ષિકોત્સવ નિમિત્તે વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬-૨-૨૦૧૫ને ગુરુવારના રોજ સવારના ૮.૩૦ વાગે વાસ્તુ નિર્માણ સોસાયટી પાસેના સેક્ટર-૨૨ના ત્રિકોણ બગીચા ખાતે યોજાયેલ છે. આથી સર્વે સભ્યો તેમજ રસ ધરાવતા સહુ હાસ્ય રસિકજનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે. સામાન્ય સભાની કાર્યવાહી દરમ્યાન ક્લબના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તેમજ કાર્યવાહક સમિતિના અન્ય પદાધિકારીશ્રીઓના આવેલા રાજીનામા અંગે વિચારણા કરી યોગ્ય કરવા તેમજ અન્ય રજુ થયેલ બાબતો અંગે વિચારણા કરી નિર્ણય લેવામાં આવશે. અન્ય હાસ્યલક્ષી કાર્યક્રમો યોજેલ છે. શ્રી જોષી મંત્રીશ્રી ગુંજન લાફીંગ ક્લબે જણાવેલ છે.

## જલારામ સેવા સમાજ દ્વારા ધો. ૧૧-૧૨ના પરીક્ષાર્થીઓને શુભકામનાઓ પ્રદાન

ગાંધીનગર, તા. ૨૪

પૂ. જલારામ બાપાના મંગલમય સાનિધ્યમાં તા. ૧લી માર્ચ બપોરે ૪.૦૦ કલાકે સેક્ટર-૨૯માં જલારામ મંદિરમાં પરીક્ષાલક્ષી માર્ગદર્શનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આગામી માર્ચ-૧૫માં લોહાણા સમાજના ધો. ૧૦-૧૧-૧૨ના પરીક્ષાર્થીઓને શુભકામના પ્રદાન કરવાનો કાર્યક્રમ યોજેલ છે.

ડૉ. જયેશભાઈ તન્ના વિષય નિષ્ણાત તરીકે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય અને સંકીર્તન, સ્વાગત, પરિચય, પરીક્ષાલક્ષી માર્ગદર્શન, પ્રશ્નોત્તરી સમસ્યાનું માર્ગદર્શન આપવામાં આવશે. તેમ મંત્રીશ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગરે જણાવેલ છે.

## શાળામાં માસ્કનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યમાં સ્વાઈન ફ્લુ રોગના કારણે હાહાકાર ફેલાઈ ગયો છે. દિવસે દિવસે રોગ બેકાબુ બનતો જાય છે ત્યારે રાંધેજામાં આવેલ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં બાળકોના સ્વાસ્થ્યને લઈને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર દ્વારા શાળાના બાળકો આ ગંભીર રોગ લાગુ ન પડે તેમજ તેમનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તેવા પ્રયાસના ભાગરૂપે મફત માસ્ક વિતરણ કર્યા હતા.

## બનાવટની મધુરતામાં કટુતા પારખી જાશું, નિખાલસ પ્રેમથી પાશે જગત, તો ઝેર પી જાશું...

**માતૃભાષા**

મને મારી ભાષા ગમે છે
કારણ બાને હું બા કહી શકું છું.
મમ્મી બોલતાં તો હું શીખ્યો છેક પાંચમા ધોરણમાં
તે દિવસે ખૂબ રોફથી વાઘ માર્યો હોય એમ
મેં મમ્મી કહીને બૂમ પાડેલી
બા ત્યારે સહેજ હસેલી
કારણ બા એક સાદો પોસ્ટકાર્ડ પણ માંડ માંડ લખી શકતી.
બા બેંકમાં સર્વિસ કરવા ક્યારેય ગઈ નહોતી અને
રાત્રે લાયન્સ પાર્ટીમાં ગઈ હોય એવું યાદ પણ નથી
બા નવી નવી ડિશ શીખવા કૂકિંગ ક્લાસમાં ગઈ નહોતી
છતાં ઈંગ્લિશ નામ ખડક્યા વગર એ થાળીમાં જે મૂકતી
તે બધું જ અમૃત બની જતું
મને મારી ભાષા ગમે છે
કારણ મને મારી બા ગમે છે.

– વિપિન પરીખ

૨૧ ફેબ્રુઆરીએ વિશ્વમાતૃભાષા દિવસ ગયો. આપણે સંકોચ વગર કાર્યક્રમો કર્યા. પણ માતાનું સન્માન ઘરમાં શોભે કે કોઈ શમિયાણામાં? અને શમિયાણા સંસ્કૃતિ તો આપણી થોડી છે! માનું સન્માન ઘરમાં થાય તો મા રાજી. ઘરમાં સન્માન ન હોય અને જાહેરમાં હાર- તોરા થાય તો સ્વાભિમાની માનું હ્રદય તો દુખે! ઘરમાં બાળકો અંગ્રેજી માધ્યમમાં હોય, વિદેશી વસ્તુઓ છૂટથી વપરાતી હોય (ડેટોલ , લાઈફબૉય, બાટા, કૉલગેટ વગેરે) , વિદેશી વાનગીઓ આરોગાતી હોય , કોઈ પણ ભોગે વિદેશ જવાની ઉતાવળ દેખાતી હોય અને ગુજરાતીનું એક પુસ્તક પણ વંચાતું કે ખરીદાતું ન હોય તો તેવા ઘરને ભારતીય ઘર કહી શકાય ખરું?

કેટલાક લોકો હંમેશા ઓનલાઈન હોય છે (!!!) કારણ જે હોય તે, પણ તેમના માટે ગુજરાતી ભાષા પણ ઓનલાઈન છે. આજે ગુજરાતી વેબસાઈટ્સ પણ પોતાનું ખમીર બતાવી રહી છે. જેમાં કેટલીક ખૂબસુરત છે. જેમકે, કેસુડાં – ગુજરાતી સાહિત્યનુ અગ્રણી ઓનલાઈન સામાયિક. અહી કવિતાઓ, વાર્તાઓ, લેખો ઉપરાંત ચિત્રો અને ફોટોગ્રાફ્સ પણ સ્થાન પામે છે. પુસ્તકાલય.કોમ – આ વેબપુસ્તકાલય PDF ફોરમેટમાં જયંતીભાઈ પટેલની પોતાની રચનાઓ ઉપરાંત બીજા લેખકોની રચનાઓ, ટુચકા અને વાનગીની રેસિપીઓ ધરાવે છે. રતિલાલ ’અનીલ’ ઓનલાઈન – સૂરતના સાહિત્યકાર રતિલાલ ‘અનિલ’ વેબસાઈટ. રતિલાલ ‘અનિલ’ ખ્યાતનામ ચાંદરણાં અને મરકલાં ઉપરાંત એમના લલિત નિબંધો, મુક્તકો અને લેખો. રીડ ગુજરાતી.કોમ – ગુજરાતી કવિતા, લેખો, વાર્તાઓ, ટુચકા વગેરે રજુ કરતુ વડોદરાથી પ્રકાશિત ઓનલાઈન માસિક. ભવિષ્યમાં ગુજરાતી વાચકો માટે ઈ-લાયબ્રેરી શરુ કરવાના છે. શબ્દપ્રીત – જાણીતા લેખક વિચારક ભૂપેન વડોદરિયાની અઠવાડિક કટાર બ્લોગ સ્વરૂપે. સાઉથ એશિયન લિટરરી રેકોર્ડીંગ પ્રોજેક્ટ ગુજરાતી સાહિત્યકારોના રેકોર્ડિંગ – સાઉથ એશિયન લિટરરી રેકોર્ડીંગ પ્રોજેક્ટ હેઠળ લાયબ્રેરી ઓફ કોંગ્રેસે ભારતીય સાહીત્યકારોની રચનાઓ એમના પોતાના અવાજમાં રેકોર્ડ કરીને વેબ પર મૂકી છે. ગુજરાતીના બે સાહીત્યકારનો સમાવેશ કરાયો છે – સુરેશ દલાલ (પદ્ય) અને વર્ષા અડલજા (ગદ્ય).

## વિચારોનાં મધુવનમાં

- પ્રા. ડો. રાકેશ પટેલ

એક માણસ જયાં જયાં જાય છે ત્યાં ત્યાં તેને આનંદ પ્રાપ્ત થાય છે, પ્રત્યેક વસ્તુ તેને હર્ષ અને સુખ આપતી જણાય છે, તેને પ્રત્યેક મનુષ્ય માયાળુ અને અનુકૂળ જણાય છે. પ્રત્યેક મનુષ્ય તેને સહાય કરવાને, તેનું હિત કરવાને અને તેના પ્રત્યે વિનય દર્શાવવાને ખુશી હોય છે; અને બીજો જે માણસ પ્રત્યેક વસ્તુથી ખિન્ન થાય છે, પ્રત્યેક વસ્તુ વિષે ફરિયાદ કરે છે અને પ્રત્યેક વસ્તુમાં છિદ્ર જુએ છે; તે આનંદિત થવાનું કાંઈ કારણ જોતો નથી; અને જગતને સખ્ત, ભયંકર તથા અરૂચિકર સ્થાન માને છે – અને તેને તેવું જ મળે છે.

સ્વેટ મોર્ડનને લખ્યું છે કે – એકવાર એક નાની છોકરી મારા પરિચયમાં આવી હતી, જેણે કહ્યું હતું કે પ્રત્યેક જણ મને બહુ ચાહતું હોવાથી હું બહુ સુખી છું. કોઈ પણ માણસ અસુખી શા માટે હોઈ શકે તે તે સમજી શકતી નહોતી. તે પ્રત્યેક જણને ચાહતી હતી તેથી પ્રત્યેક જણ તેને ચાહતું હતું. તે બહાર ખેતરોમાં જતી અને માત્ર જીવનના આનંદથી તાળીઓ પાડતી. પ્રત્યેક પક્ષી, પુષ્પ અને છોડ તેને એમ કહેતાં જણાતાં કે સુખી થા.

આ લાગણી બધાને શા માટે ન થવી જોઈએ? પ્રત્યેક મનુષ્ય અને પ્રત્યેક પદાર્થ પરમાત્માનું મૂર્ત સ્વરૂપ છે અને જો આપણે નિર્દોષ અને સત્ય દ્રષ્ટિથી આપણી આસપાસના પદાર્થોનું અવલોકન કરીએ, જો આપણે આપણી ભ્રામક વિચારશૈલી અને દુરાચારી જીવનનાં ખરાબ ચશ્માંઓ દ્વારા વસ્તુઓની કાલ્પનિક ભ્રષ્ટ પ્રતિમાઓ નહિ જોતાં નિર્મળ સ્વચ્છ દ્રષ્ટિથી ખરેખરી નૈસર્ગિક વસ્તુઓ જોઈએ, તો પ્રત્યેક વસ્તુ આપણને પણ એમ જ કહેશે કે સુખી થાઓ, સફળ થાઓ; શાંતિ પામો. જો આપણે સંપૂર્ણ સ્વાભાવિક સ્થિતિમાં હોઈએ, તો આપણે એટલા સંતુષ્ટ અને સુખી હોવા જોઈએ કે આપણું જીવન શાશ્વત આનંદરૂપ જ થઈ રહે. જગત જયારે એવી ભૂમિકામાં આવશે કે જયાં પ્રત્યેક જણ સત્યને જોઈ અને અનુભવી શકશે, ત્યારે બિલકુલ દુંખદરિદ્ર અને રંકતા રહેશે નહિ. દેશમાં હમેશાં બહુ લોભી, કંજુસ અને સ્વાર્થી માણસો દેખાય છે, એ દેશની અસ્વાભાવિક દુર્દશા દર્શાવે છે. એ સ્થિતિ પરમાત્માની સમગ્ર રચના અને સૌંદર્યથી વિરુદ્ધ છે. પ્રભુની રચનામાં આવા ભેદને સ્થાન જ નથી. આવા માણસો અને પુષ્પો-જંગલો તથા પક્ષીઓમાંથી પ્રસરતી સુંદરતા અને સુમધુરતા વચ્ચે કેટલો ફરક છે!

આ જગતમાં પ્રત્યેક મનુષ્ય માત્ર પોતાનાં કાર્યો, વિચારો અને પોતાના જ હેતુઓનાં ચશ્માં દ્વારા પ્રત્યેક વસ્તુ જોઈ શકે છે. જે પદાર્થને આપણે જેવા સાધન વડે જોઈએ છીએ તેવો જ રંગ અને આકાર તે તે પદાર્થનો આપણને દેખાય છે. આપણા જીવનનાં સમસ્ત કાર્યો, સમસ્ત વિચારો અને સમસ્ત ઉદ્દેશો આપણા અંતઃકરણ અને નિરિક્ષણ દ્રષ્ટિ ઉપર ફરી વળે છે અને પ્રત્યેક વસ્તુ તેમના દ્વારા જ જોવાની આપણને ફરજ પડે છે. માટે જો આપણાં કાર્યો શુદ્ધ હશે, આપણા વિચારો પવિત્ર હશે, તો જ આપણે વસ્તુઓને તેના ખરા રૂપ રંગમાં જોઈ શકીશું. – અર્થાત તેમની ભ્રષ્ટ, ખરાબ, દુષ્ટ, ભયંકર પ્રતિમાઓને બદલે તેમનું સત્ય સુંદર સ્વરૂપ જોઈ શકીશું. હકીકત આવી હોવાથી આપણે આપણાં અંતર ચક્ષુઓનાં આવરણો દૂર કરવાં જોઈએ. કેમકે જો આપણે એમ કરીશું તો જ વસ્તુઓનું ખરું સ્વરૂપ જોઈ શકીશું.

તમે હંમેશાં ગંભીર અને અરૂચિકર મુખ અને રીતભાત રાખવાથી કેટલા બધા મિત્રો અને આશ્રયદાતાઓ ગુમાવો છો તેની તમને કદી પણ પ્રતીતિ થઈ છે? યાદ રાખજો કે, પ્રત્યેક જણ અંધકારમાંથી પ્રકાશમાં અને શીતળતામાંથી ઉષ્ણતામાં આવવાનો પ્રયત્ન કરે છે. તેઓ અશાંતિમાંથી નીકળી શાંતિમાં આવવાનો ઉદ્યોગ કરે છે. જો આશાવાદની કળા જાણવામાં અને વ્યવહારમાં મૂકવામાં આવે તો તે આખી પૃથ્વીને ઉલટાવી નાખે. એક વર્ષ સુધી તમારી પ્રકૃતિની પ્રકાશિત બાજુ વિકસિત કરવાનો પ્રયત્ન કરો. એથી તમારું સમગ્ર જીવન ફેરવાઈ જશે. હમણાં લોકો તમારી આગળ આવવાનું પસંદ કરતા નહિ હોય તો ઉપર પ્રમાણે કરવાથી તેઓ તમારા પ્રત્યે આકર્ષાશે. હમણાં કદાચ તમે ઠંડા હશો અને તમને મળવાનું કોઈને મન નહિ થતું હશે; પરંતુ એ પ્રમાણે કરવાથી તમે સહ્રદય અને આનંદી બનશો. સૂર્યકિરણની શક્તિ સાથે અંધકારની તુલના કરો. પૃથ્વી પરનું સમસ્ત ચૈતન્ય, સમગ્ર ભૌતિક બળ સૂર્ય કિરણમાં રહેલું છે; ત્યારે અંધકારમાં કાંઈ પણ ચૈતન્ય કે આશા રહ્યાં નથી. જે લોકો હમેશાં પ્રકાશનો ફેલાવો કરતા રહે છે તેમને આપણે કેટલા બધા ચાહીએ છીએ! તેમના તરફથી આપણને નવીન પ્રોત્સાહન મળવાની અને માનવપ્રકૃતિમાં આપણી શ્રદ્ધા પુનઃ સ્થાપિત થવાની આશા રહે છે. આપણે સ્વાભાવિક રીતે તેમની તરફ આશાભરેલા વદનથી જોઈએ છીએ; અને જે વદનો શોકમય હોય છે – જયાં આપત્તિનાં વાદળો ઘેરાતાં જણાય છે – તેમનાથી આપણે સ્વાભાવિક રીતે દૂર જ ખસીએ છીએ. ઉલ્લાસમય એવું આનંદી હ્રદય એ મહાવરદાન છે અને જે વદન હમેશાં પ્રકાશ ફેલાવતું રહે છે તે શાશ્વત દૈવી બક્ષિસ છે.

જે જગતમાં આપણે વસીએ છીએ તેને આપણે જ બનાવીએ છીએ અને આપણી પરિસ્થિતિ પણ આપણે પોતે જ ઉપજાવીએ છીએ. ઘણા માણસો પોતાનાં જ બનાવેલાં કેદખાનાંઓમાં વસે છે અને પછી નાહક અંધકાર અને ઉદાસીની ફરિયાદ કરે છે. સર્વત્ર અંધકાર, નિરાશા, આપત્તિ અને અધોગતિ જોનારાં સ્ત્રીપુરુષો પ્રત્યેક વસ્તુમાં ઉત્તમતા જોનારાં મનુષ્યો આગળ કંઈ હિસાબમાં નથી. ઈશ્વરની સૃષ્ટિને તેના સમસ્ત સૌંદર્ય, તેના સમસ્ત પ્રકાશ અને તેની સમસ્ત આશા સહિત જોનાર લોકોએ અને નહિ કે પ્રત્યેક સ્થળે કુરૂપતા અને વ્યંગ જોનાર લોકોએ દુનિયાને તેની જંગલી દશામાંથી ઉન્નત કરીને હાલની સ્થિતિમાં આણી છે. શાંતિ અને આશા પ્રસારનાર આ આનંદી લોકો જ હજારો ગંભીર લોકો કરતાં જગતના બોજા વિશેષ ઉંચકે છે.

આપણે જે ગુણોનો વિકાસ કરીએ છીએ તે જ ગુણો છેવટે આપણા સ્વભાવરૂપ બની રહીને આપણા વિચાર ઉપર અધિકાર ભોગવે છે, આપણા શરીર ઉપર પ્રદર્શિત થાય છે અને આપણા જીવન ઉપર શાસન ચલાવે છે. આપણને પ્રતીત થાય છે કે, આપણે જે જગતમાં વસીએ છીએ તે આપણામાંથી જ પ્રકટ થાય છે. જગત આપણા પોતાના જ અવાજો અને વિચારોના પ્રતિધ્વનિઓ આપણી તરફ પાછા ફેંકે છે. જો આપણે શોકાકુલ અને ઉદાસ હોઈએ તો તે પણ આપણા તરફ નિરાશા અને અનુત્સાહ ફેંકશે; અને જો આપણે તેની તરફ આનંદી વદન અને ઉલ્લાસમય સંતુષ્ટ હ્રદયસહિત જોઈશું તો તે પણ આપણને તેના બદલામાં તે જ વસ્તુઓ આપાશે.